सत्यमेव जयते

તારીખ	૧૬/૧૦/૨૦૦૮		
દાખલ તારીખ	૧૬/૧૦/૨૦૦૮		
ફેસલ તારીખ	૧૦/૦૪/૨૦૨૬		
અવધિ	વર્ષ	માસ	દિવસ
	૧૭	૦૫	૨૫

<u>મે. વલસાડ ખાતેની લેબર કોર્ટના પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી સી.વી.લિંબાચીયા સાહેબ સમક્ષ, મુ. વલસાડ.</u>

<u>રેફરન્સ (એલ.સી.વી) નં.૮૩-૨૦૦૮</u>

<u>આંક : ૫૮</u>

<u>પ્રથમ પક્ષકાર:-</u> મે. અમોલી ઓર્ગેનિકસ,
પ્લોટ નં.૩૨૨/૪, ૪૦ શેડ એરીયા,
જી.આઇ.ડી.સી.,વાપી, જી.વલસાડ.

<u>: વિરૂધ્ધ :</u>

<u>બીજા પક્ષકાર :-</u> શ્રી સુનિલકુમાર ઇશ્વરલાલ પટેલ
રહે. કીકરલા, સ્કુલ ફળીયા, ઉદવાડા, (આર.એસ.)
તા.પારડી, જી.વલસાડ.

કે./ઓ. ગુજરાત રાજય કામદાર સેવા સંઘ,
સાંઇ પ્લાઝા કોમ્પલેક્ષ, બી-૨૦૪, સેકન્ડ ફલોર,
જી.આઇ.ડી.સી., ચાર રસ્તા, ટેલીફોન એક્ષચેંજની સામે,
વાપી, તા.વાપી, જી.વલસાડ.

....

પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી એ.એન. ઇંટવાલા
બીજા પક્ષકાર તરફે : યુનિયન પ્રતિનિધીશ્રી આર.એમ.પ્રજાપતિ

....

<u>-:: એવોર્ડ ::-</u>

(૧) હાલના કામનાં બીજા પક્ષકારને "અરજદાર" તરીકે તથા પ્રથમ પક્ષકારને "સામાવાળા" તરીકે હવે પછી અનુકૂળતા ખાતર સંબોધવામાં આવેલ છે.

ઔધોગિક તકરાર અધિનીયમ-૧૯૪૭ની કલમ-૧૦(૧) હેઠળ બંને પક્ષકારો વચ્ચેનો ઔધોગિક વિવાદ મદદનીશ મજુર કમિશ્નરશ્રી, વલસાડ તરફથી ક્રમાંક: કે.એચ.એસ.એસ.એમ.સી./૫૮૬૬/એ.જે/આઇ.ડી.આર/એફ/એફ: ૯૭/૨૦૦૮ તા.૧૫/૧૦/૨૦૦૮ના રોજ દ્વારા ન્યાય નિર્ણય અર્થે રેફરન્સ કરવામાં આવેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે :

:: અનૂસુચિ ::

"શ્રી સુનિલકુમાર ઇશ્વરલાલ પટેલ" ને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં સાતત્ય સાથે પુન: સ્થાપિત કરવા કે કેમ ?

માંગણા નિવેદનની હકીકત:

(૨) અરજદારે આંક-**૦૮** થી માંગણાનું નિવેદન રજુ કરેલ છે. જે મુજબ અરજદાર કામદાર સામાવાળા સંસ્થામાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે બોઇલર ઓપરેટર તરીકેના હોદ્દા ઉપર તા.૨/૦૭/૧૯૯૯ના રોજથી ફરજ બજાવતા આવેલ છે. કામદારને માસીક રૂપિયા ૩,૦૦૦/-નો પગાર ચૂકવવામાં આવતો હતો. કામદારને કંપનીએ તેમની યુનીયન એકટીવીટીમાં ભાગ લેવાને કારણે ખોટા અને ઉપજાવી કાઢેલ આક્ષેપો કરીને ગેરકાયદેસર અને એકતરફી ખાતાકીય તપાસ કરીને તા.૦૭/૧૦/૨૦૦૨ના રોજથી નોકરીમાંથી બરતરફ કરવાનો હુકમ કર્યો છે.

(૨.૧) કામદારે તેમની ફરજો અત્યંત પ્રામાણિકતાથી અને વફાદારીથી તેમજ કર્તવ્ય નિષ્ઠાથી બજાવી છે. કંપનીએ આપેલ આક્ષેપનામું લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઇઓ હેઠળ જે અધિકૃત અધિકારીએ સહી કરવી જોઇએ તેણે સહી કરી ન હોય તેમજ ખાતાકીય તપાસ શરૂ કરવા માટે સહી કરનાર અધિકારી પણ બિનઅધિકૃત વ્યકિત હોય તેવુ આક્ષેપનામું અને ખાતાકીય તપાસ બિનઅધિકૃત વ્યકિતએ શરૂ કરાવી છે. ખાતાકીય તપાસમાં કામદારનું પ્રતિનિધિત્વ તેમના બચાવ માટે પસંદગીના એડવોકેટ અને યા યુનીયન પ્રતિનિધિ રોકીને કરવાની પરવાનગી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યો છે અને યા સ્વયંભુ કંપનીએ તેવી

પરમીશન આપવી જોઈતી હતી તે આપી નથી. અને તે પણ જયારે ખાતાકીય તપાસમાં કંપની તરફનું પ્રતિનિધિત્વ કરનાર પ્રેઝન્ટીંગ ઓફીસર અને તપાસ અધિકારી આવડત ધરાવનાર અને બન્ને જણ ખાતાકીય તપાસ કરવાની કાર્યવાહી કરવા માટે નિષ્ણાંત અનુભવી વ્યકતિઓ હતી. ત્યારે તેમ ન કરીને અણઆવડત અને આવી બાબતોમાં બિનઅનુભવી એવા કામદારે કે જેને સરતપાસ અને ઉલટ તપાસ કરવા માટેનો કોઈ અનુભવ અને આવડત ન હોતી ત્યારે તેમ કરીને કંપની તરફથી કરવામાં આવેલી ખાતાકીય તપાસ વીશીએટ થાય છે. અરજદાર સામે સામાવાળા સંસ્થા ધ્વારા કહેવાતા આક્ષેપો અનુસંધાનમાં કરવામાં આવેલ કહેવાતી ખાતાકીય તપાસની કાર્યવાહી તદ્દન અયોગ્ય, અન્યાયી, ગેરકાયદેસરની તેમજ ગેરવ્યાજબી હોવા ઉપરાંત કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનું છે જેમાં અરજદારને બચાવની કોઇ ન્યાયી વ્યાજબી અને પુરતી તકો આપવામાં આવેલ નથી.

(૨.૨) સદર કહેવાતી ખાતાકીય તપાસના અનુસંધાનમાં તપાસ અધિકારી ધ્વારા જે તારણો આપવામાં આવેલા છે તારણો તપાસ કાર્યવાહીમાં પડેલા પુરાવાથી તદ્દન વિપરીત છે અને તે રીતે તપાસ અધિકારીનાં તારણો ખાતાકીય તપાસની કાર્યવાહીના અનુસંધાનામાં સંપૂર્ણપણે પરર્વસ છે. અને તેના અનુસંધાનમાં અરજદારને કરવામાં આવેલ સજા એ વધુ પડતી છે. કંપની તરફે જે બરતરફીનો હુકમ પસાર કરવામાં આવ્યો છે તે બિલકુલ અને સર્વાશે ગેરકાયદેસરનો, ન્યાયી ઠરાવી ન શકાય તેવો અન્યાયી નલ એન્ડ વોઇડ એબ ઈનીશીયો અને આક્ષેપનામામાં કહેવાતી અને ઉપજાવી કાઢેલી ગેરવર્તણુકોની સરખામણીમાં પ્રમાણભાન વિનાનો અને કહેવાતી ગેરવર્તણુકો ખાતાકીય તપાસમાં પુરવાર થતી ન હોવા છતાં અને યા કોઈપણ ડાહયો અને ન્યાયી માણસ કયારેય ન કરી શકે તેવો હુકમ છે. આક્ષેપનામું અને અન્ય નોટીસો અને હુકમો જે આ કામે કરવામાં આવેલા છે. તેની બજવણી કામદારને કાયદેસર રીતે કરવામાં આવી નથી અને યા તેવી બજવણી લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓડર્સની જોગવાઈઓ વિરૂધ્ધ વર્તીને

કરવામાં આવી છે. બરતરફીનો હુકમ કામદારના પાછલા રેકાર્ડને બિલકુલ ધ્યાનમાં લીધા વિના કરવામાં આવેલ છે. અને કામદારને કાયદેસર રીતે બરતરફીનો હુકમ મોકલવામાં આવેલ નથી.

(૨.૩) બરતરફીનો હુકમ આઇ.ડી.એકટ ૧૯૪૭ ના સીડયુલ ચારમાં પડતી આઈટેમ નં. ૧૧ વિરૂધ્ધનો છે. બરતરફીનો હુકમ કામદારને તેના યુનિયન એકટીવીટી કરવા માટેના શિક્ષારૂપ કરવામાં આવેલો હોય તેવો હુકમ કંપનીએ આચરેલ અઘટિત મજુર પ્રવૃતિવાળો છે. કામદારે તેમની બરતરફીના હુકમ બાદ અન્ય સ્થળોએ તેમની લાયકાત અને અનુભવને ધ્યાનમાં લઈને નોકરી મેળવવાના સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે તેમ છતાં તેમને કોઈ સ્થળે નોકરી મળી શકી નથી અને હાલમાં પણ કામદાર બેકાર છે.

(૨.૪) આથી, કંપનીએ કરેલ કામદારના બરતરફીનો હુકમ ગેરકાયદેસરનો, ગેરવ્યાજબી, એબ ઈનીશીયો નલ એન્ડ વોઈડ, બિન અમલી, બિન અસ્તિત્વ ધરાવતો અને કોઈપણ ડાહયો અને ન્યાયી માણસ ક્યારેય કરી ન શકે તેવો અને બંધારણીય રીતે તેમનો જીવન નિર્વાહ છીનવી લેતો અને કામદારનું આર્થિક મુત્યુ કરતો તેમજ પેરન્ટલ ટ્રીટમેન્ટ ન ધરાવતો અને બિલકુલ પ્રમાણભાન વિનાનો હુકમ હોય તેમ ઠરાવી કામદારને તા.૦૭/૧૦/૨૦૦૨ થી તેમની અસલ જગ્યાએ સળંગ સર્વિસથી તેમના પડેલા કામના તમામ દિવસોના પગાર અને અન્ય આનુસાંગિક લાભો સાથે પુનઃસ્થાપિત કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

<u>સામાવાળા તરફે જવાબઃ</u>

(૩) સામાવાળા સંસ્થા તરફે આંક-૯થી જવાબ રજુ કરી મહત્તમ હકીકતોનો ઇન્કાર કરી જણાવેલ છે કે, અરજદારનો રેફરન્સ ખરો નથી અને કાયદેસરનો નથી. ખરી હકીકત એવી છે કે, સામાવાળા કું. દવા બનાવતી કંપનીઓ તથા કેમિકલ બનાવતી કંપની માટેનું રો-મટીરીયલ બનાવતી WHO-GMP- સર્ટીફાઈડ કંપની છે. સામાવાળા કું. માં ઉત્પાદિત થતો માલ ભારત તથા વિદેશમાં પણ એક્ષ્પોર્ટ કરવામાં આવે છે. સામાવાળા કું. અને તેના કામદારો વચ્ચે કાયદા

મુજબના સમાધાન કરાર વખતો વખત કરવામાં આવતા હતા. જે સમાધાન કરાર સરકારશ્રીની સક્ષમ ઓથોરીટી સમક્ષ નોંધણી કરાવવામાં આવતી હતી. જે સમાધાન કરાર મુજબના તમામ લાભો સામાવાળા કું. તરફથી કામદારોને આપવામાં આવતા હતા. સામાવાળા કું. ને કોઈ કામદાર તરફથી કાયદા મુજબનાં લાભો મળતા ન હોવાની નોટિસ કે ફરિયાદ મળેલ ન હતી. તેમજ સરકારશ્રીની સક્ષમ ઓથોરીટીએ પણ સામાવાળા વિરૂધ્ધ કોઈ મજુર કાયદાના ભંગ સંબંધે કોઈ ફરિયાદ કે કેસ કરેલ ન હતા.

(૩.૧) અરજદાર કામદાર સામાવાળા કાં. માં બોઇલર વિભાગમાં બોઇલર એટેન્ડન્ટ તરીકે ખુબ જ વિશિષ્ટ અને જવાબદારી ભર્યો અગત્યનો હોદ્દો ધરાવતા હતા. સામાવાળા કંપનીમાં તા.૨૧/૦૫/૨૦૦૨ નાં રોજ રાતપાળી (ત્રીજી પાળી) માં અરજદાર ફરજ બજાવતા હતા, જે દરમ્યાન મળસ્કે ૪:૩૦ કલાકના અરસામાં સામાવાળા કું. ના અધિકારીઓ પ્લાન્ટ મેનેજરશ્રી હરીભાઈ તથા શ્રી એમ.એમ. પરદેશી કંપનીની વિઝીટ કરતા, તે સમયે બોઈલર હાઉસમાં અરજદાર લાંબા થઈને બોઈલરની પાછળ ટુલબોક્ષ ઉપર સુતેલ હાલતમાં રંગેહાથ પકડાયેલ હતા. જે સંબંધેના ફોટોગ્રાફ પણ ઉપરોકત અધિકારીઓ તરફથી લેવામાં આવેલ હતા. જે સમયે સામાવાળા કું. ના ઉપરોકત અધિકારોઓએ અરજદારને ઉંઘમાંથી જગાડતા, તેઓ સફાળા જાગી ગયેલ હતા અને પોતાની ફરજ બજાવવા લાગી ગયેલ હતા. જે સમયે સામાવાળા કું. ના ઉપરોકત અધિકારીઓ તરફથી અરજદારની ઉપરોકત ગંભીર પ્રકારની ગેરવર્તણુંક બાબતે યોગ્ય અને પુરતી સમજણ આપેલ હતી. તેમજ તા.૨૨/૦૫/૨૦૦૨ના રોજ હાથોહાથ ખુલાસા દર્શક નોટિસ આપવામાં આવેલ હતી. બીજા દિવસે એટલે કે તા.૨૨/૦૫/૨૦૦૨ના રોજ અરજદાર રાતપાળીમાં ફરજ ઉપર હાજર હતા અને તે દરમ્યાન ફરીથી સામાવાળા કું. ના ઉપરોકત અધિકારીઓ તરફથી રાત્રે ૪:૪૫ના અરસામાં કંપનીની વીઝીટ કરવામાં આવેલ હતી. જે દરમ્યાન બોઈલર હાઉસમાં અરજદાર પોતાની ફરજની જગ્યાએ હાજર ન હતા અને બોઈલરની બાજુમાં ડ્રમ ઉપર

બેસીને ઉંઘ કાઢતા હતા. જે સંબંધેનો ફોટોગ્રાફ સામાવાળા કું. તરફથી લેવામાં આવેલ હતો તથા ઉપરોકત અધિકારીઓ તરફથી અરજદારને ઢંઢોળતા તેઓ સફાળા જાગી ગયેલ હતા.

(૩.૨) અરજદારની કામગીરી, હોદ્દા તથા સામાવાળા કંપનીમાં ચાલતી ઉત્પાદન પ્રક્રિયાના અનુસંધાને અરજદાર તરફથી અત્યંત ગંભીર પ્રકારની ગેરવર્તણુકો આચરવામાં આવી હતી, જેનાથી કંપનીમાં શિસ્તનું ભંગાણ થાય તેમ હતું અને આગ, અકસ્માત, વિસ્ફોટ જેવા ગંભીર અકસ્માતોનો ભય રહેલ હતો. આ અત્યંત ગંભીર ગેરવર્તણુકને ધ્યાનમાં લઇને સામાવાળા કંપની તરફથી અરજદારને તા.૨૩/૦૫/૨૦૦૨ના રોજ હાથોહાથ ખુલાસા દર્શક નોટિસ આપવામાં આવી હતી. અરજદાર તરફથી સંતોષકારક જવાબ ન મળતાં, તા.૨૫/૦૫/૨૦૦૨ના રોજ તેમને પેન્ડીંગ ઈન્કવાયરી દરમ્યાન સસ્પેન્ડ કરવાનો હુકમ હાથોહાથ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ તા.૩૧/૦૫/૨૦૦૨ના રોજ અરજદારને તેમના નોંધાયેલ સરનામે રજિસ્ટર્ડ એ.ડી. પોસ્ટ તથા યુ.પી.સી. મારફતે વિગતવાર તહોમતનામું મોકલવામાં આવ્યું હતું, જે અરજદારને મળી ગયેલ હતું.

(૩.૩) તહોમતનામામાં જણાવેલ ગંભીર આરોપો અંગે ખાતાકીય તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, જેમાં તપાસ અધિકારી તરીકે શ્રી નિલાંજ એ. દેસાઈ અને રજૂઆત અધિકારી તરીકે શ્રી પરેશ યુ. રાણાની નિમણૂક કરવામાં આવી હતી. તપાસની પ્રથમ તારીખ તા.૧૫/૦૬/૨૦૦૨ના રોજ બપોરે ૧:૩૦ વાગ્યે હોટલ રાહત, વાપી ખાતે નક્કી કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન અરજદારને તહોમતનામું વાંચી સંભળાવવામાં આવ્યું હતું અને તેમાં જણાવેલ આરોપો કબૂલ છે કે કેમ તે પૂછવામાં આવ્યું હતું. અરજદારે આરોપો કબૂલ ન કરતાં તપાસ આગળ ચલાવવામાં આવી હતી. અરજદારે બચાવ પ્રતિનિધિ રાખવા માટે અરજી કરી હતી, જેને મંજૂર કરીને તપાસ અધિકારીએ એક પ્રતિનિધિને હાજર રાખવાની પરવાનગી આપી હતી. અરજદારની વિનંતી મુજબ તપાસ કાર્યવાહીને અનેક વખત મુલત્વી રાખવામાં આવી હતી અને તેમને પુરતી તક આપવામાં

આવી હતી. તપાસ દરમ્યાન સામાવાળા તરફથી અનેક સાક્ષીઓના નિવેદનો લેવામાં આવ્યા હતા અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા, જેની નકલ અરજદારને આપવામાં આવી હતી. અરજદારે અનેક વખત મુદ્દત માંગી હતી અને કેટલીક અરજીઓ પણ રજૂ કરી હતી, જેમાંથી યોગ્ય અરજીઓને મંજૂર કરવામાં આવી હતી. અરજદાર તપાસની અમુક તારીખે હાજર ન રહેતાં અને તેમના બચાવના પુરાવા રજૂ ન કરતાં, તપાસ અધિકારીએ તપાસ કાર્યવાહી પૂર્ણ કરીને તા.૨૧/૦૮/૨૦૦૨ના રોજ તપાસ અહેવાલ સામાવાળા કંપનીને સુપરત કર્યો હતો. અહેવાલનો અભ્યાસ કરીને સામાવાળા તરફથી અરજદારને તા.૧૮/૦૯/૨૦૦૨ના રોજ બીજી કારણદર્શક નોટિસ મોકલવામાં આવી હતી, પરંતુ અરજદારે તે લેવાની ના પાડી હતી. છેવટે, તા.૦૭/૧૦/૨૦૦૨ના રોજ અરજદારને કંપનીની નોકરીમાંથી ડિસ્ચાર્જ કરવાનો હુકમ પસાર કરવામાં આવ્યો હતો અને તેમના બાકી હક્કોની રકમનો ચેક પણ રજિસ્ટર્ડ પોસ્ટ મારફત મોકલવામાં આવ્યો હતો, જે અરજદારે લેવાની ના પાડી હતી.

(૩.૪) આમ, સામાવાળા કંપની તરફથી અરજદારને કુદરતી ન્યાયના સિદ્ધાંતો મુજબ પુરતી, વ્યાજબી અને યોગ્ય બચાવની તક આપવામાં આવી હતી. ઉપરોકત હકીકતો હોવા છતાં, અરજદારે આંક-૧ના “ટર્મ્સ ઓફ રેફરન્સ” મુજબ નામદાર મજુર અદાલતને રીફર કરવામાં આવેલ “ઔધોગિક તકરાર”માં માત્ર એક જ પ્રશ્નનો નિર્ણય કરવાનો છે કે, ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦(૪) મુજબ અરજદારને તા.૦૧/૦૯/૨૦૦૨થી સામાવાળા કંપનીની નોકરીમાંથી બરતરફ કરવાનું પગલું કાયદેસર છે કે કેમ? પરંતુ અરજદારે નામદાર અદાલત સમક્ષ રજૂ કરેલ માંગણાના નિવેદનમાં ઉપરોકત “ટર્મ્સ ઓફ રેફરન્સ”થી આગળ વધીને સીધી જ સામાવાળા કંપનીના તા.૦૭/૧૦/૨૦૦૨ના ડિસ્ચાર્જ હુકમને પડકારેલ છે, જે બાબતે નામદાર મજુર અદાલતને સક્ષમ અધિકારી તરફથી કોઈ અલગ “ટર્મ્સ ઓફ રેફરન્સ” આપવામાં આવેલ નથી.

આમ, અરજદાર દ્વારા રીફર કરાયેલ “ટર્મ્સ ઓફ રેફરન્સ” તથા તેના આધારે રજૂ કરેલ માંગણાનું નિવેદન બંને એકબીજાથી સંપૂર્ણપણે વિરોધાભાસી છે.

(૩.૫) અરજદારે સામાવાળા કંપનીના તા.૦૭/૧૦/૨૦૦૨ના હુકમને આજદિન સુધી સીધી રીતે પડકારેલ નથી અને તે અંગે અલગથી કોઈ ઔધોગિક તકરાર પણ રીફર કરાવેલ નથી. તેથી, નામદાર મજુર અદાલતને રીફર કરવામાં આવેલ “ટર્મ્સ ઓફ રેફરન્સ” સંબંધે સામાવાળા કંપની અને અરજદાર વચ્ચે ઔધોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૨(ક) મુજબ કોઈ તકરાર અસ્તિત્વમાં જ નથી. અરજદારે કહેવાતા “કોઝ ઓફ એક્શન”ને આધારે ૬ વર્ષથી વધુ સમય પસાર થયા બાદ આ મામલો ઉઠાવ્યો છે, જેથી અરજદાર દ્વારા રીફર કરાયેલ “ટર્મ્સ ઓફ રેફરન્સ” stale, bad and incompetent છે. નામદાર સુપ્રિમ કોર્ટે 2000 (1) L.L.J. page no.561, Nedungadi Bank Ltd. Vs. K.P. Madhavankutty and Othersના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ અરજદારનો હાલનો રેફરન્સ કેસ Nullity છે. સામાવાળા કંપની તરફથી અરજદાર વિરુદ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસમાં પુરવાર થયેલ અત્યંત ગંભીર તહોમતોને ધ્યાનમાં લઈ, અરજદારના હોદ્દા, નોકરીના સમયગાળા, ભૂતકાળના રેકોર્ડ તથા ગેરવર્તણૂકની ગંભીરતા અને તેનાથી સંભવિત નુકસાન (આગ, અકસ્માત, વિસ્ફોટ વગેરે)ને ધ્યાનમાં લઈને કરવામાં આવેલ “ડિસ્ચાર્જ”નો હુકમ સંપૂર્ણપણે કાયદેસર, વ્યાજબી અને પ્રમાણસર છે. જો અરજદારને પુનઃસ્થાપિત કરવામાં આવે તો કંપનીમાં શિસ્તનું વાતાવરણ બગડે તેમ છે. તેથી અરજદારને પુનઃસ્થાપિત કરવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

(૩.૬) આમ, અરજદાર તરફથી રીફર કરાયેલ “ટર્મ્સ ઓફ રેફરન્સ” મુજબની ઔધોગિક તકરારમાં સામાવાળા કંપની તરફથી તા.૦૭/૧૦/૨૦૦૨ના હુકમથી કરવામાં આવેલ ડિસ્ચાર્જની કાયદેસરતા ચકાસવાની કે તેના ગુણ-દોષમાં જવાની નામદાર મજુર અદાલતને કોઈ હકુમત નથી.

(૩.૭) ઉપરોકત તમામ સંજોગોમાં, અરજદાર કામદારે તેમના માંગણાના નિવેદન હેઠળ જે દાદ યા દાદો સામાવાળા કું. પાસેથી માંગેલ છે તેવી કોઈ જ દાદ યા દાદો અરજદાર કામદાર સામાવાળા કું. પાસે કાયદેસર રીતે મેળવવા હકકદાર થતા ન હોય અરજદારનો હાલનો રેફરન્સ કેસ ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

<u>પક્ષકારો તરફે પુરાવા:</u>

(૪) આ કામના અરજદાર તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

-: અરજદારનો મૌખિક પુરાવો :-

આંક-પર	શ્રી સુનિલકુમાર ઇશ્વરલાલ પટેલનું પુરાવા સોગંદનામું.

-: અરજદારનો દસ્તાવેજી પુરાવો :-

નિ.	દસ્તાવેજો	તારીખ
નિ.૪૭/૧	અરજદારે અગાઉનાં યુનિયનમાંથી આપેલ રાજીનામાની નકલ	૧૨/૦૭/૨૦૦૧
નિ.૪૭/૨	નિ.-૧ નાં પત્ર રજી.એડી કર્યા બદલનાં પોસ્ટ ખાતાની મની રસીદ	–
નિ.૪૭/૩	અરજદાર કામદારો નવા યુનિયનમાં દાખલ થયેલ તે પત્રની નકલ	૧૩/૦૭/૨૦૦૧
નિ.૪૭/૪	અરજદારનાં યૂનિયને સામાવાળાને લખેલ પત્રની નકલ	૩૦/૦૭/૨૦૦૧
નિ.૪૭/૫	નિ.-૪ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ	૦૩/૦૮/૨૦૦૧
નિ.૪૭/૬	અરજદારનાં યુનિયને સામાવાળાને લખેલ માંગણી પત્રની નકલ	૩૧/૧૨/૨૦૦૧
નિ.૪૭/૭	નિ.-૬ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ	–
નિ.૪૭/૮	અરજદારનાં યુનિયને સામાવાળાને મોકલેલ માંગણી પત્રની નકલ	૧૪/૦૩/૨૦૦૨
નિ.૪૭/૯	નિ.-૮ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ	૧૫/૦૩/૨૦૦૨
નિ.૪૭/૧૦	અરજદારનાં યુનિયને સામાવાળાને લખેલ માંગણી પત્રની નકલ	૧૩/૦૨/૨૦૦૨
નિ.૪૭/૧૧	નિ.-૧૦ નાં પત્ર સામાવાળાને મળી જતા પરત આવેલ એકનોલેજમેન્ટ	–

(૫) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

-: સામાવાળાનો મૌખિક પુરાવો :-

આંક-૨૯	શ્રી અરૂણભાઇ દેસાઇનું પુરાવા સોગંદનામું.

-: સામાવાળાનો દસ્તાવેજી પુરાવો :-

આંક/નિ.	દસ્તાવેજો	તારીખ
આંક-૩૦	અરજદાર વિરૂધ્ધની ખાતાકીય તપાસ કાર્યવાહીનું અસલ રોજકામ	-
આંક-૩૧	અરજદાર વિરૂધ્ધની ખાતાકીય તપાસની કાર્યવાહી દરમ્યાન રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો	-
આંક-૩૨	સામાવાળા તરફથી રજી.એ.ડી. પોષ્ટ મારફતે અરજદારને તેમની વિરૂધ્ધની ખાતાકીય તપાસની કાર્યવાહી પુરી થયેલ હોવા બાબતની જાણ કરતો મોકલાવેલ પત્રની સ્થળપ્રત	૧૦/૮/૨૦૦૨
આંક-૩૩	-એજન- અ.નં.૩ વાળો પત્ર અરજદારને રજી.એ.ડી. પોષ્ટ અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ.	૧૦/૦૮/૨૦૦૨
આંક-૩૪	-એજન- અ.નં.૩ વાળો પત્ર અરજદારને અન્ડર સર્ટીફીકેટ ઓફ પોસ્ટીંગથી મોકલ્યા બાબતનું પોષ્ટખાતાનું અસલ સર્ટીફીકેટ	૧૦/૦૮/૨૦૦૨
આંક-૩૫	-એજન- અ.નં.૩ વાળો રજી.એ.ડી. પોષ્ટથી મોકલાવેલ પત્ર પોષ્ટમેનના માલિક બહારગામ ગયેલ હોવાથી સરનામાની જાણ નથી માટે પરતના શેરા પરત આવેલ રજી.એ.ડી. બંધ કવર	-
આંક-૩૬	ખાતાકીય તપાસ અધિકારીશ્રી નિલાંજ એ. દેસાઇ તરફથી સામાવાળા કાં. ને સુપ્રત કરવામાં આવેલ તપાસ અહેવાલની અસલ	૨૧/૦૮/૨૦૦૨
૧૦/૮	સામાવાળા કંપની તરફથી અરજદારને રજી.એ.ડી. પોષ્ટ મારફતે મોકલાવેલ બીજી કારણ દર્શક નોટિસની સ્થળપ્રત	૧૮/૦૯/૨૦૦૨
૧૦/૯	-એજન- અ.નં.૮ વાળી બીજી કારણદર્શક નોટિસ અરજદારને રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ	૧૮/૦૯/૨૦૦૨
૧૦/૧૦	-એજન- અ.નં.૮ વાળી બીજી કારણદર્શક નોટિસ અરજદારે લેવાની ના પાડતા પોષ્ટમેનના શેરાથી પરત આવેલ અસલ રજી.એ.ડી. બંધ કવર	-
૧૦/૧૧	સામાવાળા કાં. તરફથી અરજદારને રજી.એ.ડી. પોષ્ટ મારફતે મોકલવામાં આવેલ નોકરીમાંથી છુટા કરવા બાબતેનો ડીસ્ચાર્જ હુકમની સ્થળપ્રત	૦૭/૧૦/૨૦૦૨
૧૦/૧૨	-એજન- અ.નં.૧૨ વાળી નોકરીમાંથી છુટા કરવા બાબતેનો ડીસ્ચાર્જના હુકમ અરજદારને રજી.એ.ડી. પોષ્ટ કર્યા અંગેની પોષ્ટખાતાની અસલ મની રસીદ	૦૭/૧૦/૨૦૦૨
૧૦/૧૩	-એજન- અ.નં.૧૨ વાળી નોકરીમાંથી છુટા કરવાનો હુકમ અરજદારે લેવાની ના પાડતા પોષ્ટમેનના શેરાથી પરત આવેલ અસલ રજી.એ.ડી. બંધ કવર	-
૧૦/૧૪	અરજદારે સામાવાળાને મોકલાવેલ તા.૧૮/૦૧/૨૦૦૫ ના પત્રના	૨૪/૦૧/૨૦૦૫

	અનુસંધાને સામાવાળાએ અરજદાર તથા મહે. મદદનીશ શ્રમ આયુકતશ્રી, વલસાડને રજી.એ.ડી. પોષ્ટ મારફતે મોકલાવેલ જવાબની સ્થળપ્રત	
૧૦/૧૫	-એજન- અ.નં.૧૫ વાળી બીજી કારણદર્શક નોટિસ અરજદારે લેવાની ના પાડતા પોષ્ટમેનના શેરાથી પરત આવેલ અસલ રજી.એ.ડી. બંધ કવર	૨૪/૦૧/૨૦૦૫
૧૦/૧૬	-એજન- અ.નં.૧૫ વાળો પત્ર અરજદારને મળ્યા અંગેની પોષ્ટખાતાની અસલ એકનોલેજમેન્ટ	-
૧૦/૧૭	-એજન- અ.નં.૧૫ વાળો પત્ર અરજદારને મળ્યા અંગેની પોષ્ટખાતાની અસલ એકનોલેજમેન્ટ	-
૫૧/૧	સામાવાળા કાું. તરફથી મહે. વલસાડની નામદાર મજુર અદાલત તરફથી પસાર કરેલ હુકમ વિરૂધ્ધ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ દાખલ કરેલ અપીલ બાબતેનું સ્ટેટસ	-
૫૧/૨	નામદાર ગુજરાત હાઇકોર્ટએ પસાર કરેલ હુકમની પ્રિન્ટાઆઉટ	૧/૦૨/૨૦૨૪

<u>કેસ કાર્યવાહીઃ</u>

(૬) આ કામે અત્રેની કોર્ટ દ્વારા આંક-૦૨થી સુનાવણીની નોટિસ કાઢવામાં આવેલ છે. જે નોટીસ બંને પક્ષકારોને બજી ગયેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે આંક-૦૪ થી વિ.વ.શ્રી એ.એન.ઇંટવાલાનું વકીલપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક-૬ તથા આંક-૧૩થી પ્રતિનિધીશ્રી આર.એમ.પ્રજાપતિનું અધિકારપત્ર રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે ખાતાકીય તપાસ બાબતે આંક-૨૩થી પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક-૨૪થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આંક-૪૧થી સામાવાળા તરફે કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક-૪૨થી લેખિત દલીલ રજુ થયેલ છે. ત્યારબાદ નામદાર કોર્ટ દ્વારા આંક-૪૬થી ખાતાકીય તપાસની કાયદેસરતા અંગે હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક-૪૮થી પુરાવા સોગંદનામુ રજુ થયેલ છે જે અરજદારના પ્રતિનિધી દ્વારા નોટપ્રેસ કરતા નામદાર કોર્ટ દ્વારા સદર સોગંદનામું ડીસ્કાર્ડ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે આંક-૫૦થી નામદાર હાઇકોર્ટમાં દાખલ કરેલ અપીલમાં સ્ટે ન હોવા

બાબતની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક-૫૫થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ અરજદાર તરફે કોઇ પુરાવા કે રજુઆત ન હોય નામદાર કોર્ટ દ્વારા અરજદારના વધુ પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળા તરફે આંક-૫૭થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ બંને પક્ષકારો તરફે મૌખીક દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.

મુદ્દાઓ:

(૭) સમગ્ર કેસનું રેકર્ડ તથા પક્ષકાર તરફેની રજુઆતો/દલીલ ધ્યાને લીધા. આ કેસનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

અ.નં.	મુદ્દાઓ	તારણો
૧.	શું અરજદાર કામદાર પુરવાર કરે છે કે, તેઓ પડેલા દિવસોનાં પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે ?	અંશતઃ હકારમાં
૨.	શું હુકમ ?	આખરી હુકમ મુજબ

ઉપરોક્ત તારણો અંગે મારા કારણો નીચે મુજબ છેઃ

:: કા ર ણો ::

મુદ્દા નં. ૧ અને ૨ :

(૮) હાલના કામે રેકર્ડ ધ્યાને લેતાં એ હકીકત બિનતકરારી છે કે, મારા પુરોગામી પ્રિસાઈડીંગ ઓફીસરશ્રી દ્વારા આંક-૪૬થી તા.૦૬/૦૬/૨૦૨૩ ના રોજ સામાવાળા સંસ્થા દ્વારા અરજદાર કામદાર વિરુદ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર, વ્યાજબી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો મુજબ ન હોવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી, હવે માત્ર અરજદાર કામદાર પડેલા દિવસોના પગાર સહિત સાતત્યતા સાથે મૂળ જગ્યાએ પુન:સ્થાપિત થવા હક્કદાર છે કે કેમ? તે હકીકતનો નિર્ણય કરવાનો રહે છે.

(૯) ખાતાકીય તપાસની કાયદેસરતાના હુકમ અન્વયે સામાવાળા તરફે દલીલ કરવામાં આવેલ છે કે, તેઓ દ્વારા સદર હુકમ નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પેશ્યિલ સીવીલ એપ્લિકેશન નં.૧૫૪૮/૨૦૨૪થી પડકારેલ છે. જેથી, તે મેટર સબજ્યુડાઈસ હોવાના કારણે હાલના રેફરન્સમાં આગળની કાર્યવાહી ન કરવા જણાવેલ છે. આ તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **Takhubha Dajiraj Jadeja v. State of Gujarat (R/Letters Patent Appeal No.137 of 2019 Order Date 13-01-2023)**માં પસાર કરવામાં આવેલ હુકમ ધ્યાને લેવો ન્યાયોચિત જણાય છે. જેના પેરા-૧૦ માં નીચે મુજબ ઠરાવેલ છે:

(1) ***Whenever there is no stay of further proceedings passed by a higher court,*** *jurisdictional* ***trial Court shall not stall proceedings but shall dispose of the proceedings pending before it on merits*** *notwithstanding order passed by said Court having been challenged,* ***unless orders have been passed staying further proceedings.***

(2) If there is any order passed by a higher court either indicating there being stay of further proceedings or trial Court has been directed not to proceed with the trial, only in such circumstances, proceedings can be deferred and not otherwise.

ઉપરોક્ત ચુકાદામાં ઠરાવેલ સિદ્ધાંત ધ્યાને લેતા નામદાર હાઈકોર્ટ દ્વારા સ્પેશ્યિલ સીવીલ એપ્લિકેશન નં.૧૫૪૮/૨૦૨૪માં હાલની રેફરન્સ કાર્યવાહી પર કોઈ મનાઈ હુકમ ફરમાવવામાં આવેલ નથી. જેથી, હાલની રેફરન્સની કાર્યવાહી પર સ્ટે અંગે કોઈ આદેશ આપવામાં આવેલ ન હોય તે સંજોગોમાં રેફરન્સની કાર્યવાહી આગળ વધારવામાં કોઈ કાનૂની અડચણ ઊભી થતી નથી. વધુમાં, સામાવાળા તરફે કોઈ મનાઈ હુકમ પણ રજુ કરવામાં આવેલ નથી. આથી, સદર સામાવાળાની રજૂઆત પણ ટકવા પાત્ર ન હોય હાલની કાર્યવાહી અબેયન્સમાં રાખવી કે એક જ સ્ટેજ પર મુલતવી રાખવું વ્યાજબી જણાતી નથી. જેથી, સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ON RELIEF OF REINSTATEMENT:

(૧૦) હાલના રેફરન્સમાં અરજદાર દ્વારા તેઓએ માંગેલ દાદ મેળવવા હક્કદાર હોવા બાબતે આંક-૫૨થી સોગંદ પર જુબાની આપેલ છે. પરંતુ માંગણા નિવેદનમાં અરજદાર કામદારને બરતરફીના હુકમથી છુટા કરેલ હોવાની તા.૦૭/૧૦/૨૦૦૨ની જણાવેલ છે જ્યારે તે બાબતની ફરિયાદ મહે. મદદનીશ શ્રમ આયુક્ત કચેરી વલસાડને ૬ વર્ષના વિલંબ બાદ તા.૨૨/૦૮/૨૦૦૮ના રોજ દાખલ કરેલ હોવાનું જણાય છે. વધુમાં હાલના કામે તારીખ ૧૩/૦૯/૨૦૧૦ના રોજ સહી કરેલ માંગણા નિવેદન આંક-૮થી તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ રેફરન્સ દાખલ થયાના ૦૪ વર્ષ બાદ રજુ કરેલ છે. ત્યારબાદ અરજદાર કામદારે સને-૨૦૧૯માં ખાતાકીય તપાસને પડકારતા આંક-૨૨થી પુરાવા સોગંદનામું રજુ કરવામાં આવેલ. આમ, સમગ્ર હકીકતો ધ્યાને લેતાં, અરજદાર કામદારે છૂટા કર્યાના ૬ વર્ષના વિલંબ ફરીયાદ કરેલ છે અને રેફરન્સની કેસ કાર્યવાહીમાં ૪ વર્ષના વિલંબ બાદ માંગણા નિવેદન રજૂ કરેલ છે. આમ, અરજદાર કામદારે સને-૨૦૦૨માં છુટા કરેલ બાદ રેફરન્સ દાખલ થવા માંગણા નિવેદન સને-૨૦૧૨માં રજૂ કરી કાર્યવાહીમાં ૧૦ વર્ષથી વધુ સમયનો કોઇ સંતોષજનક કે પૂરતા કારણ સિવાય નોંધપાત્ર વિલંબ કરેલ છે. તેમજ ઉલટતપાસમાં તેમણે અન્યત્ર સ્થાયી નોકરી ન હોવાનું સ્વીકાર્યું છે, પરંતુ છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવતા હોવાનું જણાયું છે. વળી, વધુમાં પ્લાન્ટમાં નોકરી દરમિયાન બોઈલર હાઉસમાં સુવાની આક્ષેપિત ગેરવર્તણુકની ગંભીરતા અને લાંબા સમયગાળાને ધ્યાનમાં લેતાં, પુનઃસ્થાપન અને પૂરા બેકવેજીસ આપવાને બદલે લમ્પસમ વળતર આપવું વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે.

(૧૧) અરજદાર દ્વારા તેઓને મળવાપાત્ર દાદ અંગે નામ. સુપ્રીમ કોર્ટના **Deepali Gundu Surwase Vs. Kranti Junior Adhyapak Mahavidyalaya and others, (2013) 10 SCC 324** અને **U.P. State Brassware Corpn. Ltd. Vs. Uday Narayan Pandey, (2006) 1**

SCCના ચુકાદા પર આધારે રાખેલ છે. પરંતુ **Deepali Gundu**ના ચુકાદામાં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે બેકવેજીસ અને પુન:સ્થાપનની દાદ એ ઓટોમેટીક રિલીફ નથી અને તે કેસના સંજોગો પર આધારીત છે. જેથી, હાલના કેસમાં અરજદાર દ્વારા રેફરન્સ કરવામાં અને કેસ કાર્યવાહી દરમ્યાન કરવામાં આવેલ વિલંબ, કેસની અવધિ અને અરજદારની આક્ષેપિત ગેરવર્તણૂકની ગંભીરતાના સંજોગો ધ્યાને લેતા સદર ચુકાદાઓ હાલના કેસમાં લાગુ પાડી શકાય તેમ નથી.

ON RELIEF OF BACK-WAGES:

(૧૨) સદર કામે સામાવાળા સંસ્થા તરફે દલીલ કરવામાં આવેલ છે કે, ખાતાકીય તપાસ ગેરકાયદેસર થયેલ હોય અને તેઓને ખોટી રીતે છૂટા કરવામાં આવેલ હોય, પડેલા દિવસના પુરેપુરા પગાર, સળંગ નોકરીના તમામ આનુસંગિક લાભો સહિત મેળવવા હક્કદાર છે. વધુમાં એવી દલીલ કરવામાં આવેલ છે કે, ખાતાકીય તપાસની કાયદેસરતાના હુકમને હાઈકોર્ટમાં પડકારેલ હોય તે હુકમ આખરી ગણી શકાય નહીં. વિશેષમાં, કામદારની આક્ષેપિત ગેરવર્તણુક ધ્યાને લેતાં, તેઓ ગંભીર પ્રકારની હોય અને તેના કારણે સંસ્થાને ગંભીર નુકસાન થઈ શકવાની શક્યતા હોય તેઓ, પડેલા દિવસનો પૂરેપૂરો પગાર મેળવવા હક્કદાર નથી. વિશેષમાં, તેઓએ જણાવેલ છે કે, અરજદારને નોકરીમાંથી બરતરફ કર્યા બાદ પોતે નોકરી મેળવવા કોઈ પ્રયત્ન કરેલ ન હોવાનું સ્વીકારેલ હોય અને છુટક મજુરી કરી પોતે ગુજરાન ચલાવતા હોય તેઓ પડેલા દિવસનો પગાર મેળવવા હક્કદાર નથી. સદર દલીલના સમર્થનમાં અરજદાર કામદારનાઓએ ઉલટ તપાસ દરમિયાન સ્વીકારેલ નીચે મુજબની હકીકતો પર આધાર રાખેલ છે :

> *"....એ વાતની મને જાણ નથી કે અમારા પુરાવા સોગંદનામામા જણાવેલ હોદ્દા, પગાર અને કામગીરી અર્થે કોઈ દસ્તાવેજી પુરાવા હાલના કામે રજૂ કરેલ છે કે કેમ ?* ***એ વાત ખરી છે કે સોગંદનામાં જણાવેલ સરનામું અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામ કરતા હતા તે સમયગાળાથી આજ દિન સુધી રહીએ છે તે જ છે. એ વાત ખરી છે કે સદર સરનામાં ઉપર કોઈ પત્ર અમોને લખવામાં આવે તો અમોને મળી જાય.***

એ વાત ખરી નથી કે અમોએ જણાવેલ છૂટા કરવાની તારીખ ૦૧-૦૯-૨૦૦૨ બાદ અમોને અન્ય જગ્યાએ નોકરી મળી જતા હાલની ફરિયાદ છ વર્ષ બાદ કરેલી. એ વાત મને યાદ નથી કે અમોએ જે છૂટા કરવાની તારીખ ૦૧-૦૯-૨૦૦૨ જણાવેલ છે તે બાદ આશરે છ વર્ષના વિલંબ બાદ હાલનો કેસ કરેલ છે તેનો કોઇ ખુલાસો કરેલ છે કે કેમ? ***એ વાત ખરી છે કે સદર રેફરન્સ થતા પહેલા આસી. લેબલ કમિશનરની ઓફિસમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ જે જવાબ રજૂ કરેલો તેની નકલ અમોને મળેલી.***

એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપની દવાઓના તથા કેમિકલના રો મટીરીયલ બનાવતી કંપની છે. ***એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપની તરફથી આઇડી કાર્ડ અને પગાર ચિઠ્ઠી આપવામાં આવતી હતી.*** *એ વાત મને યાદ નથી કે અમોને હાજરી કાર્ડ આપતા ન હતા તે અન્વયે કોઈ સરકારી અધિકારીને અમોએ ફરિયાદ કરેલ હતી કે કેમ?* ***એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપની તરફથી અમારા પગારમાંથી પી.એફ. તથા ઇ.એસ.આઇ.સી.ની કપાત કરવામાં આવતી હતી અને દર વર્ષે બોનસની ચુકવણી કરવામાં આવતી હતી.*** *એ વાત મને હાલ યાદ નથી કે અમારી નોકરીના સમયગાળા દરમિયાન અમોએ પ્રથમ પક્ષકાર સંસ્થાને કોઈ નોટીસ આપેલ હતી કે કેમ?*

એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપનીમાં આઠ આઠ કલાકની ત્રણ શિફ્ટ ચાલતી હતી. એ વાત મને ચોક્કસ હાલ યાદ નથી કે સદર શિફ્ટ નો સમયગાળો શું હતો ? અમારી શિફ્ટ દર અઠવાડીયે ચેન્જ થતી હતી. ***એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપનીમાં અમો બોઇલર એટેન્ડન્ટ તરીકે નોકરી કરતા હતા. એ વાત ખરી છે કે સદર હોદ્દો વિશિષ્ટ અને જવાબદારી વાળો હતો. એ વાત ખરી છે કે અમારી કામગીરીમાં કોઈ ગફલત થાય તો કંપનીમાં બ્લાસ્ટ થવાની શક્યતા હતી.***

એ વાત મને યાદ નથી કે પ્રથમ કક્ષા સંસ્થાની આસપાસ કોઇ કેમીકલ ઉત્પાદનની સંસ્થાઓ આવેલી છે કે કેમ ?

એ વાત ખરી છે કે હાલના કેસમાં ઇન્કવાયરી ખાતાકીય તપાસ અંગે જે હુકમ થયો છે તેની સામે પ્રથમ પક્ષકારે જે અરજી હાઇકોર્ટમાં કરેલ છે તે પેન્ડિંગ છે. *હું ધોરણ બાર પાસ છું. એ વાત ખરી છે કે આંક-૦૮થી રજૂ માંગણાનું નિવેદન અને આંક-૫૨નું સોગંદનામુ કરેલ છે તે ગુજરાતી ભાષામાં છે. એ વાત ખરી નથી કે આ માંગણાનું નિવેદન અને સોગંદનામું તે ગુજરાતી ભાષામાં હોય વાંચેલું નથી. સાહેદ જણાવે છે કે અમોને વાંચીને સંભળાવેલ છે.*

એ વાત ખરી છે કે અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં સને ૧૯૯૯થી કામ કરતા હોય તે દર્શાવવા માટે એપોઇન્ટમેન્ટ લેટર કે આઇડી કાર્ડ હાલના કામે રજુ કરેલ નથી. *હું હાલનો કેસ દાખલ થયો તે પહેલા બે યુનિયનમાં હતો તે પૈકી એક યુનિયન આર.સી. પટેલશ્રીનું હતું પરંતુ બીજા યુનિયનનું હાલ નામ મને યાદ નથી. એ વાત ખરી છે કે આર.સી. પટેલશ્રીના યુનિયન પહેલા જે યુનિયનમાં હતો તે યુનિયનના સભ્યપદ અંગે કોઈ પુરાવો હાલના કામે રજૂ કરી શકું નહીં.* ***એ વાત ખરી છે કે યુનિયન માંથી રાજીનામું આપવા અમોને કંપનીએ દબાણ કરેલ હતું તે અંગે અમે લેબર કમિશનરમાં કે પોલીસ સ્ટેશનમાં કોઈ ફરિયાદ કરેલી ન હતી.*** *એ વાત ખરી છે કે જે તે સમયે પ્રથમ પક્ષકાર કંપનીએ મૌખિક હુકમથી મારી*

સાથે અન્ય જે કામદારોને કાઢી મુકેલા તે પૈકી હું હાલ કોઈના નામ જણાવી શકું તેમ નથી. મારો આર.સી. પટેલશ્રીના યુનિયનમાં કોઈ હોદ્દો ન હતો.

મને પ્રથમ પક્ષકાર કંપની તરફથી જે ચાર્જસીટ આપવામાં આવેલ હતી તે કઈ બાબતની હતી તે હાલ યાદ નથી. **<u>એ વાત ખરી છે કે મારી સામે ખાતાકીય તપાસ કરેલી અને ત્યારબાદ મને નોકરીમાંથી બરતરફ કરવામાં આવેલો.</u>** મને પ્રથમ પક્ષકાર કંપનીએ સને ૨૦૦૨માં નોકરીમાંથી બરતરફ કરેલો પરંતુ કઈ તારીખે કરેલો તે ચોક્કસ તારીખ અને મહિનો મને યાદ નથી. અમોને બરતરફ કર્યા બાદ ઘણા પ્રયત્ન કરવા છતાં નોકરી શોધી અને ન મળી. એ વાત ખરી છે કે વાપીમાં ઘણી બધી કંપનીઓ હોય છે જે પૈકી કોઈ પણ કંપનીમાં મેં લેખિતમાં અરજી કરેલી નથી. **<u>એ વાત ખરી છે કે વાપીની આસપાસ વલસાડ, પારડી, ઉમરગામ, સેલવાસ વિગેરે જગ્યાએ પણ અન્ય કંપનીઓ આવેલી છે પરંતુ ત્યાં પણ અમોએ કોઈ નોકરી માટે અરજી કરેલ નથી.</u>** મને હાલ યાદ નથી કે જ્યારે નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યો ત્યારે મારો મહિનાનો પગાર કેટલો હતો.

મને નિ.૧૦/૨/૨ ચાર્જશીટ બતાવવામાં આવે છે તે જોઈને હું જણાવું છું કે તે તારીખ ૩૧-૦૫-૨૦૦૨ની રજીસ્ટર પોસ્ટ એડીથી પ્રથમ પક્ષકારે અમોને મોકલાવેલ છે પરંતુ તે અમોને મળેલ કે કેમ તે હાલ યાદ નથી. એ વાત ખરી છે કે સદર નોટિસમાં જણાવવામાં આવેલ ઘરનું સરનામું સાચું છે. મને નિ.૧૦/૨/૫ની પોસ્ટ એક્નોલેજમેન્ટ બતાવવામાં આવે છે તેમાં અમારી સહી છે જે હું ઓળખી બતાવું છું.

મને પ્રથમ પક્ષકાર કંપનીએ સને ૨૦૦૨માં નોકરીમાંથી બરતરફ કરેલો તે સમયે મારા પરિવારમાં આશરે ૩ લોકો હતા. આ તમામ વ્યક્તિઓની ખાવા પીવાથી લઈ સાર સંભાળ દેખરેખ ભરણ પોષણની જવાબદારી મારા પિતાની હતી. મારી ખેતીની જમીન આવેલી છે. કેટલી આવેલ છે તે ચોક્કસ કહી શકું નહી. જે તે સમયે મારા પરિવારના સભ્યોનો માસિક ખર્ચો જે હું ભોગવતો હતો તે કેટલો હતો તે હું હાલ કહી શકું નહીં.

<u>હાલ અમે કુલ પાંચ માણસો મારા પરિવારમાં છીએ. હાલ અમારા પાંચ માણસોનો માસીક ખર્ચ રુપીયા ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦/- જેટલો આવે છે. મારી પત્ની કંપનીમાં નોકરી કરે છે. મારા ખાવા પીવાનો ખર્ચ તે મારા પત્ની ભોગવતા હોય તે કેટલો આવે છે તે હું ચોક્કસ કહી શકું તેમ નથી. હું હાલ છૂટક મજૂરી કરું છું અને તેનાથી હું મારું જીવન ગુજરાન ચલાવું છું.</u> ઘણી વાર મજૂરી મળે છે અને ઘણીવાર નથી પણ મળતી. મને રુપીયા પાંચથી છ હજાર જેટલા મજૂરીમાંથી મળે છે બાકીનું ખેતીમાંથી ઘરનું અનાજ મળી જાય તેટલું નીકળે છે.

<u>એ વાત ખરી છે કે સને ૨૦૦૨માં નોકરીમાંથી બરતરફ કરેલો તે સમય બાદ મેં રોજગાર વિનિમય કચેરીમાં નોકરી મેળવવા નામ નોંધાવવા પ્રયત કરેલ નહીં. એ વાત ખરી છે કે સરકારની જે યોજનાઓ હોય છે તેમાં મેં નોકરી મેળવવા પ્રયત્ન કરેલ નથી.</u> સને ૨૦૦૨માં મારું કઇ બેંકમાં ખાતું હતું તે મને યાદ નથી. મારુ હાલ બેન્ક ઓફ બરોડા, ઉદવાડા શાખા ખાતે બેન્ક એકાઉન્ટ છે. સદર બેંક અકાઉન્ટ અમોએ ક્યારે ખોલાવ્યું અને તે મને હાલ યાદ નથી. સદર ખાતુ હાલ ચાલુ છે. હું સદર બેન્ક ઓફ બરોડાના બેન્ક એકાઉન્ટનો ખાતાનો ઉતારો રજુ કરવા ખુશી છું.

<u>એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર કંપની તરફથી અમોને અમારી નોકરીની ફરજ દરમિયાન પી.એફ., ઇ.એસ.આઇ.સી., હક રજા, અને બોનસ વગેરેના લાભ મળતા હતા. સદર પીએફ એકાઉન્ટના ખાતાનો ઉતારો હું રજૂ કરવા ખુશી છું.</u>

એ વાત ખરી નથી કે હાલ હું અન્ય કોઈ સારી કંપનીમાં પચ્ચીસ હજાર રૂપિયાથી વધુ પગાર મેળવતો હોવા છતાં બેક વેજીસ મેળવવા માટે હાલનો ખોટો કેસ કરેલો છે. એ વાત ખરી નથી કે મારી ખેતીમાંથી દર વર્ષે આશરે ચારથી પાંચ લાખ રૂપિયા જેટલી આવક થાય છે. અમોને કેટલી આવક થાય છે તેની ચોક્કસ માહિતી નથી. એ વાત ખરી નથી કે સોગંદ પર હું ખોટી જુબાની આપું છું......"

ઉપરોક્ત સ્વીકારેલ હકીકતો ધ્યાને લેતા તેમાં પૂછવામાં આવેલ સૂચક સવાલો ધ્યાને લેતા અરજદાર કામદાર અન્ય કોઇ જગ્યાએ ગેઇનફુલ એમ્લોયમેન્ટમાં હોવાનું પુરવાર થતું નથી પરંતુ છૂટક મજૂરી કરીને મેળવવામાં આવતી આવકમાંથી પોતાના પરિવારનું ગુજરાન કરતા હોવાનું પુરવાર થાય છે.

(૧૩) રેકર્ડ પર આંક-૧થી રજૂ મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડ અરજદાર કામદારે આપેલ ફરીયાદમાં છુટા કર્યાની આક્ષેપિત તારીખ ૦૧/૦૯/૨૦૦૨ની જણાવેલ છે. પરંતુ તેઓએ તે બાબતની ફરીયાદ તા.૧૪/૦૭/૨૦૦૮ના રોજ ૬ વર્ષથી વધુ સમયગાળા બાદ કરેલ હોય, તે સને-૨૦૦૨થી ૨૦૦૮ના સમયગાળાનો પગાર મેળવવા હક્કદાર ગણી શકાય નહીં. તે સિવાય અરજદારનાએ તારીખ ૧૩/૦૯/૨૦૧૦ના રોજ સહી કરેલ માંગણા નિવેદન તા.૧૬/૦૧/૨૦૧૨ના રોજ રજુ કરેલ હોય તેઓને સને-૨૦૦૯થી ૨૦૧૨ના સમયગાળાનો પગાર મેળવવા હક્કદાર ગણી શકાય નહીં.

(૧૪) જેથી, જ્યારે છુટા કર્યાની આક્ષેપિત તારીખ ૦૧/૦૯/૨૦૦૨ની હોય અને ૬ વર્ષના વિલંબ બાદ અરજદારે સને-૨૦૦૮માં મદદનીશ શ્રમ આયુક્ત શ્રી, વલસાડને ફરીયાદ કરેલ હોય અને ત્યાર બાદ પણ રેફરન્સમાં સને-૨૦૧૨માં માંગણા નિવેદન રજૂ કરેલ હોય તે સંજોગોમાં રેકર્ડ ઉપર અરજદાર કામદારનો કસુર જણાઈ આવે છે. આમ, અરજદાર કામદાર સને-૨૦૦૨થી સને-૨૦૧૨ સુધીનો પડેલા દિવસોનો પગાર મેળવવા હક્કદાર જણાય આવતા નથી.

(૧૫) બાકીના સમયગાળા દરમિયાનના પડેલા દિવસોના પગાર અન્વયે નામદાર ગુજરાત હાઈકોર્ટના **Bhikhabhai Fatabhai Solanki Versus Executive Engineer, Narmada Project Canal System & Anr. NEUTRAL CITATION 2024:GUJ HC:22142-DB R/Letters Patent Appeal No. 908 of 2023**નો ચુકાદો ધ્યાને લેવો આવશ્યક જણાય છે. સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ અરજદારને આનુસંગિક લાભ સહિત પૂરેપૂરા પગારની દાદની જગ્યાએ ઉચ્ચક વળતરની રકમનો કરવામાં આવેલ હુકમને ન્યાયોચિત ઠરાવવામાં આવેલ છે. જ્યારે શ્રમિકની છટણી ગેરકાયદેસર ઠરે, ત્યારે તેને નોકરીમાં પુનઃસ્થાપિત કરી પડેલા દિવસોના પૂરેપૂરા પગારનો હુકમ કરવો આપવું એ ન્યાયનો પ્રસ્થાપિત સિદ્ધાંત છે. પરંતુ ઉપરોક્ત ચર્ચા મુજબ અરજદારે કેસ કાર્યવાહી ચલાવવામાં કરેલ વિલંબ અને કસૂર ધ્યાને લેતા પડેલા દિવસોના પગારની જગાએ વળતર નક્કી કરવા માટે સામાન્ય રીતે નિમણૂકનો પ્રકાર અને પદ્ધતિ, એટલે કે શ્રમિકની નિમણૂક નિયમિત હતી કે કામચલાઉ; સેવાનો કુલ સમયગાળો અને છટણી પાછળના કારણો, કેસ દાખલ કરવામાં કે તેના નિકાલમાં થયેલો બિનજરૂરી વિલંબ વિગેરે પરિબળો ધ્યાને લેવા આવશ્યક છે.

(૧૬) હાલના રેફરન્સ કેસમાં (૧) અરજદારને છૂટા કરેલ હતા તે સમયનો તેઓનો માસિક પગાર રૂા.૩,૦૦૦/-, (૨) અરજદારની એકંદર નોકરીનો કુલ સમયગાળો ૪ વર્ષ, (૩) રેફરન્સ દાખલ કરવામાં અરજદારે કરેલ ૬ વર્ષનો વિલંબ, અને (૪) માંગણા નિવેદન રજુ કરવામાં કરેલ ૪ વર્ષનો વિલંબની હકીકતો ધ્યાને લેતા અરજદારને બાકીના સમયગાળાના પડેલા દિવસોના પગારની દાદને બદલે ઉચ્ચક વળતર રૂા.૩,૦૦,૦૦૦/- ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. તે સિવાય કેસ કાર્યવાહી ચાલતા ઘણો લાંબો સમય પસાર થયેલ હોય સદર વળતરની રકમ નિયત સમયમર્યાદામાં ચુકવી આપવામાં ન આવે તો તેના પર વાર્ષિક ૧૨% લેખે સાદા વ્યાજનો હુકમ કરવો ન્યાયોચિત છે.

(૧૭) વિશેષમાં અરજદાર કામદારના કસુરના કારણે થયેલ વિલંબ ધ્યાને લેતાં, રેફરન્સ ખર્ચ અંગે કોઈ હુકમ કરવો વ્યાજબી જણાતો નથી. આથી, ઉપરોક્ત ચર્ચાના આધારે મુદ્દા નં.૧ નો જવાબ અંશત: હકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

:: આખરી હુકમ ::

૧. હાલનો રેફરન્સ આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. સદર કામે પ્રથમ પક્ષકાર સંસ્થાનાઓએ બીજા પક્ષકાર કામદાર શ્રી સુનીલકુમાર ઇશ્વરલાલ પટેલને પડેલા દિવસોના પગાર પેટે ઉચ્ચક વળતર તરીકે રૂા.૩,૦૦,૦૦૦/- હુકમ મળ્યેથી દિન-૩૦માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર વળતરની રકમ જો ઉપરોક્ત સમયમાં ન ચુકવવામાં આવે તો હુકમ તારીખથી ચુકવણી તારીખ સુધી વળતરની રકમ પર ૧૨% સાદા વ્યાજની રકમ પ્રથમ પક્ષકારે અલાયદી રીતે અરજદારને ચુકવી આપવાનું ઠરાવવામાં આવે છે.

૪. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

સ્થળ-વલસાડ
તા.૧૦/૦૪/૨૦૨૬

(ચૈતન્ય વી.લીમ્બાચીયા)
પ્રિસાઇડીંગ ઓફીસર,
શ્રમ ન્યાયાલય, વલસાડ.
Judge Code:GJ01556